# Mata Sat Vadi Lyrics | Khushbu Panchal

હે મને માતા
માતા માતા

હે મને માતા મળી છે સતવાળી રે
હે મારી જોગણી માં છે વટવાળી રે

હે દીવાની દીવેટે માડી કોમ મારા કરતી
અંતરની અરજી એ આવી જાય દોડતી
દીવાની દીવેટે માડી કોમ મારા કરતી
અંતરની અરજી એ આવી જાય દોડતી

હે મને માતા મળી છે સતવાળી રે
હે મારી જોગણી માં છે વટવાળી રે

હે પવન રોકાઇ જાય પાણી થંભી જાય
મારી જોગણી માંનુ સત જોઇ દુનિયા ઝૂકી જાય
હે ઓગળી ના કરાય ના રે સતાવાય
જેના ઘરમાં પૂજાય સધી એનું નોમ ના લેવાય

હો વળગે તો છોડે નહિ ભુકા કાઢી નાખે
પય નો હિસાબ માડી બાકી ના રાખે
વળગે તો છોડે નહિ ભુકા કાઢી નાખે
પાય નો હિસાબ માડી બાકી ના રાખે

હે મને માતા મળી છે સતવાળી રે
હે મારી હરસિધ્ધિમાં છે વટવાળી રે

હો કરું માંને યાદ પુરે મનની મુરાદ
મારી હરસિધ્ધિમાં કરે મારુ જીવન આબાદ
હો રહે આસપાસ મારા માટે માડી ખાસ
મને જીવથી વધારે મારી માતા પર વિશ્વાસ

હો માંગુ એનાથી માડી બમણું રે આલે
બળદેવ કે ભૂલું નહિ માંને કોઈ કાળે
આવી નમાવે શીશ હરસિધ્ધિના પારે
ઠાકોર સાહેબ માથે માંના હાથ હજારે

હે મને માતા મળી છે સતવાળી રે
હે મારી જોગણી માં છે વટવાળી રે
હે સધી સિકોતર વટવાળી રે
હે મારી હરસિધ્ધિ માં છે વટવાળી રે.

Gujarati Lyrics.com